GJAR020034282021

**કેસ દાખલ તારીખ : ૨૦–૧૧–૨૦૨૧**
**કેસ નોંધ્યા તારીખ: ૨૦–૧૧–૨૦૨૧**
**કેસ ફેંસલ તારીખ : ૧ –૦૮–૨૦૨૬**
**સમયગાળો – વર્ષ –માસ –દિવસ**
**– –**

**મોડાસાના મે. એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મોડાસા.**

*******************************************************

**<u>ક્રિમીનલ કેસ નંબર : ૨૯૫૩/૨૦૨૧</u>**
**<u>આંક–</u>**

**<u>ફરીયાદી</u>** : શ્રી સ ર કા ર

**વિરૂધ્ધ**

**<u>આરોપી</u>** : પુજેસિંહ ઉર્ફે કાણીયો દેવુસિંહ જાડેજા,ઉ.વ.૩૫
રહે.દહેગામડા તા.ભિલોડા જી.અરવલ્લી

**<u>ગુન્હો:–</u> ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ :** ૬૫ એઈ, ૧૧૬(બી), ૯૮(૨) ,૮૧ **મુજબ..**

<u>ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી એસ.આર.પટેલ.</u>
<u>આરોપી તર્ફે વિ.વ.શ્રી બી.વી.ચૌહાણ</u>

**<u>// ઠ રા વ //</u>**

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, કોલમ નં

.૧ માં જણાવેલ આરોપી તથા અગાઉ પકડાયેલ આરોપીઓએ એકબીજાની મદદગારીથી પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગે.કા. વગર પાસ પરમીટે અગાઉ પકડાયેલ આરોપીઓએ પોતાના કબજાની ગાડી મીત્સુબીસી કંપનીની V6VTEC મોડલની ગાડી નંબર નં. જી.જે.૦૧.એચ.સી.૩૫૭૧ નીમાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ–૫૨ જેની કિં.રૂા.૩૧,૨૦૦/– તથા ગાડીની કિં.રૂા.૧,૦૦,૦૦૦/–તથા વીવો મોબાઈલ ફોન કિં.રૂા.૧,૦૦૦/– મળી કુલ મુદ્દામાલ કિં.રૂા.૧,૩૨,૨૦૦/–ની સાથે અગાઉ પકડાયેલ ઈસમ સાથે મળી આવી તથા આ આરોપી પાછળથી મળી આવી  ગુનો કરેલો છે.

(૨) આ કામના ફરીયાદી દિલીપકુમાર રામાભાઈ ,અ.હે.કો.એ ઉપરોકત બનાવ સંબંધે તા.૦૭/૧૧/૨૦૨૦ ના રોજ મોડાસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ આપતાં  પોલીસે થર્ડ.ગુ.ર.નં.–૧૧૪૪/૨૦૨૦ થી ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી  વિરુધ્ધ ધી બોમ્બે પ્ર ોહીબીશન એકટની કલમ : ૬૫–એઈ–૧૧૬–બી, ૯૮(૨),૮૧ મુજબના ગુના સબબનુ ચાર્જશીટ ના. કોર્ટ સમક્ષ રજુ કરેલુ છે.

(૩) આ કામના આરોપીઓને ના.કોર્ટ દવારા સમંસ કરવામાં આવેલો. જે આરોપીઓને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. તે બાદ સદરહુ આરોપીઓને તેમની વિરુધ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. તે બાદ આરોપીઓ સામે આંક–૦૬ થી તહોમતનામું ફરમાવીને, આરોપીઓ ની પ્લી આંક–૦૭ તળે નોંધવામાં આવેલી. જેમાં આરોપીઓએ તેમની  સામેના ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલુ.

**(૪)..** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ  મૌખિક પુરાવો નીચે મુજબ છે.

**<u>// મૌખિક પુરાવો. //</u>**

| | | |
|---|---|---|
| **૧.** | **ફરીયાદી :** દિલીપકુમાર રામાભાઈની જુબાની | આંક : ૧૮ |

**// સાહેદો //**

| | | | |
|---|---|---|---|
| **૧.** | **પંચસાહેદ** | રમેશભાઈ જીવાભાઈ ખાંટની જુબાની | આંક : ૨૨ |
| **૨.** | **ત.ક.અ.** | મનીષકુમાર દિલીપભાઈ પંચાલની જુબાની. | આંક : ૨૫ |
| **૩.** | **પંચસાહેદ** | ભગવાનભાઈ મહાદેવભાઈ રબારીની જુબાની | આંક: ૨૬ |
| **૪.** | **ત.ક.અ.** | મનીષકુમાર ગંભીરભાઈ વસાવાની જુબાની | આંક: ૫૬ |
| **૫.** | **ત.ક.અ.** | દોલતસિંહ ભુરસિંહની જુબાની | આંક: ૬૧ |

**(૫)..** આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો નીચે મુજબ છે.

**// દસ્તાવેજી પુરાવો. //**

| | | |
|---|---|---|
| **૧.** | ફરીયાદ | આંક : ૧૯ |
| **૨.** | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામ | આંક : ૨૩ |
| **૩.** | આર.સી.બુક | આંક:૫૭ |
| **૪.** | વેચાણ દસ્તાવેજ | આંક:૫૮ |
| **૫.** | ડીલેવરી નોટ | આંક:૫૯ |

**(૬).** તે બાદ ફરીયાદ પક્ષ તર્ફે વધુ કોઈ પુરાવો રજુ ન હોઈ પુરાવો બંધ કરવામાં આવેલો છે. તે બાદ આરોપીઓનો ક્રિ.પ્રો. કો. ક. ૩૧૩ અન્વયે વધારાનો જવાબ નોંધવામાં આવેલો છે. તે બાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ. પી. પી. શ્રી ની તથા આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી બી.વી.ચૌહાણની દલીલ સાંભળેલી છે.

(૭) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદ્દભવે છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, કોલમ નં.૧ માં જણાવેલ આરોપી તથા અગાઉ પકડાયેલ આરોપીઓએ એકબીજાની મદદગારીથી પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગે.કા. વગર પાસ પરમીટે અગાઉ પકડાયેલ

આરોપીઓએ પોતાના કબજાની ગાડી મીત્સુબીસી કંપનીની V6VTEC મોડલની ગાડી નંબર નં. જી.જે.૦૧ .એચ.સી.૩૫૭૧ નીમાં ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ–૫૨ જેની કિં.રૂા.૩૧,૨૦૦/– તથા ગાડીની કિં.રૂા.૧,૦૦,૦૦૦/–તથા વીવો મોબાઈલ ફોન કિં.રૂા.૧,૦૦૦/– મળી કુલ મુદ્દામાલ કિં.રૂા.૧ ,૩૨,૨૦૦/–ની સાથે અગાઉ પકડાયેલ ઈસમ સાથે મળી આવી તથા આ આરોપી પાછળથી મળી આવી, ધી બોમ્બે પ્રોહી. એકટની કલમ: ૬૫–એઈ–૧૧૬–બી,૯૮(૨),૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શુ હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

## // નિર્ણય અંગેના કારણો //

**મુદ્દા નંબર–૧:–**

(૯) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલો પુરાવો જોઈએતો,આંક–૧૮ થી ફરીયાદી દિલીપકુમાર રામાભાઈ, એસ.ઓ.જી.મોડાસાને તપાસવામાં આવેલા છે.તેઓ પોતાની પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેઓના પુરાવા મુજબ તેઓ તા. ૦૭/૧૧/૨૦૨૦ ના રોજ મોડાસા એલ.સી.બી. શાખા અરવલ્લી ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમયાન માન.પોલીસ અધિક્ષક સાહેબ શ્રી અરવલ્લી નાઓ તેઓ તથા એ.એસ.આઈ અનિલકુમાર અંબાલાલ તથા અ.હે.કો. મનીષકુમાર બાબુલાલ તથા અ.પો.કો. નીલેષ વિષ્ણુભાઈ નાઓને દીવાળી નો તહેવાર આવતો હોવાથી રાજસ્થાન થી શામળાજી બાજુ આવતા વાહનો વાહન ચેકીંગ તેમજ નાકાબંધી માં હોય અને બતામી મળેલ કે એક સફેદ કલરની મીત્સુ બીસી કંપનીની ગાડી નંબર જી.જે.એચ. સી.૩૫૭૧ નો ચાલક ઈંગ્લીશ

દારૂ ભરી મોડાસા થી અમદાવાદ તરફ ગાજણ થી મોડાસા જતા રોડ પર બે પંચ બોલાવી તેમને હકીકત થી વાકેફ કરી સદરી ગાડી ની વોર્ચ મા હોય સદર ગાડી આવતા તેને ઉભી રાખી ગાડી માં જોતા ભારતીય બનાવટનો ઈગ્લીશ દારૂ હોય પંચો રૂબરૂ ચાલક ને નીચે ઉતારી તેનુ નામઠામ પુછતા પોતાનુ નામ જીતેન્દ્રભાઈ બબાભાઈ માલીવાડ ઉ વર્ષ ૩૨ રહે દહેગામડા તા ભીલોડા ના હોવાનુ જણાવેલ અને સદર ઈગ્લીશ દારૂ નો પાસ પરમીટ માંગતા ન હોવાનુ જણાવેલ અને સદર જગ્યા જાહેર જગ્યા હોય પોહી મુદામાલ ઉતારી ગણવો હીતાવહ ન હોય એલ.સી. બી ઓફીસ મોડાસા લાવી પંચો રૂબરૂ પોહી મુદામાલ જોતા ઓફીસર ચોઈસ કલાસીક વ્હીસ્કી ૭૫૦ ની કંપની સીલ બંધ કુલ બોટલ નંગ ૫ર જેની કુલ કિં ૩૧,૨૦૦/– જેમાંથી એક બોટલ તપાસણી સારૂ સેમ્પલ લઈ પંચનામાની વિગતે સીલ કરી તપાસ અર્થ કબજે લીધેલ.અને સદરી દારૂ કયાથી લાવેલ અને કયા આપવાનો છે તે બાબતે પુછતા સદર દારૂ નરેશ મ ગનભાઈ પરમાર રહે દહેગામડા પાસેથી લાવેલ અને પુજેસિંહ દેવુ સિંહ જાડેજા જેઓ અમારા ગામના છે તેઓને આપવાનો હતો સદરી ચાલકની અંગઝડતી કરતા એક વીવો કંપનીનો મોબાઈલ કે જેવી કિ ૧ ૦૦૦/– ગણી તપાસ અર્થ કબજે લીધેલ.આમ સદરી ચાલક પોહી પ્રતિબંધક એરીયમા ઈગ્લીશ દારૂ લાવી પકડાઈ ગયેલ હોય તે કુલ મુદામાલ રૂપીયા ૧,૩૨,૨૦૦/– નો મુદામાલ કબજે લઈ વિગતવાર નુ પંચનામુ અમારા સાથી એ.એસ.આઈ. મોહનસિં પુજેસિંહ નાઓએ કરેલ. જે અંગેની ફરીયાદ અમોએ મોડાસા એલ.સી.બી શાખા ના એ.એસ.આઈ. મોહનસિં હ પુજેસિંહ ના રૂબરૂ આપેલ જે ફરીયાદ આજરોજ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જેને હું ઓળખું છું જેને રજુ દાખલ આંક આપવામાં આવે છે. આજરોજ નામ કોર્ટ સમક્ષ આરોપી ઓ હાજર નથી.સદર કામના આરોપી ના વ.શ્રી ધૂરા રીપોર્ટ રજુ કરતા આરોપી ની ઓળખાણ બાબતની તકરાર ને જતી કરાય છે.

જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર ફરીયાદી સાહેદ

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મોડાસા ગાજણ રોડ ઉપર ઘણા બધા સાધનોની અવરજવર રહેતી હોય છે.એ વાત ખરીછેકે પવન ઓટો એજનસી ની આજુબાજુ ઘણી બધી દુકાનો અને ગેરેજો આવેલ છે અને ત્યા ઘણા બધા માણસો કામ કરે છે.એ વાત ખરી છેકે સદર કહેવાતા બનાવ વાળો મુદામાલ પુજેસિંહ પાસેથી મળી આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય હકીકતોનો ઈનકાર કરેલ છે.

ફરીયાદ પક્ષે આંક:૨૫ થી ત.ક.અ. મનિષકુમાર દિલીપકુમાર પં ચાલ,પી.આઈ.ને તપાસેલા છે . તેઓના પુરવા મુજબ તેઓ સને ૨૦૨૧ના વર્ષમા સી.પી.આઈ. તરીકે અરવલ્લી નીલ્લામાં ફરજ બજાવતો હતો તે દરમ્યાન મો.ટા.પો.સ્ટે.પ્રોહી થર્ડ ગુ.રજી. ન. ૧૧૪૪/૨૦૨૦,પ્રોહી.એકટની કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબનો ગુનો નોંધાતા સદર ગુનાની તપાસ દોલતસિંહ ભુરસિંહ નાઓ સાંભળતા હોઈ,ત્યારબાદ સદર ગુનાની તપાસ સી.પી.વાઘેલા,એમ.જી.વસાવા,એફ.એલ.રાઠોડ નાઓ સાં ભળુલી.ત્યારબાદ તેમને તપાસ સોંપાત સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા તથા સદર ગુનાના કામે સંડોવાયેલ આરોપી પુજેસિંહ ઉર્ફે કાણીયો દેવુસિંહ જાડેજા રહે. દહેગામડા નાઓને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવેલ હદય તેમના વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. આરોપીને જોયેથી ઓળખી બતાવે છે.જે આજરોજ કોર્ટમાં હાજર નથી

જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

વધુમાં ફરીયાદી પક્ષે આંક:૫૬ થી ત.ક.અ.મનીષકુમાર ગંભીરભાઈ વસાવા,પો.ઈ.ને તપાસેલા છે . તેઓના પુરવા મુજબ તેઓ સને ૨૦૨૧ માં મોડાસા સર્કલ માં પો.ઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૭/૧૧/૨૦

ના રોજ અરવલ્લી એલ.સી.બી. અ.હે.કો. દીલીપકુમાર રામાભાઈ નાઓએ જીતેન્દ્રભાઈ બબાભાઈ માલીવાડ, રહે. દહેગામડા, તા. ભિલોડા તેમજ નરેશભાઈ મગનભાઈ પરમાર તથા પુજેસિંહ દેવુસિંહ જાડેજા, તમામ રહે. દહેગામડા, તા. ભિલોડા નાઓની વિરુધ્ધ માં પ્રોહી ની ફરીયાદ આપેલ. જે ગુનો મોડાસા રૂ. પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં. ૧૧૪૪/૨૦૨૦ થી પ્રોહી એકટ ની કલમ – ૬૫ એ ઈ, ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર થઈ. સદર ગુનાની તાપસ એ.એસ.આઈ. દોલતસિંહ ભુરસિંહનાઓને સોપેલી. સદર ગુનામાં ઉપયોગમાં લેવાયેલ ગાડી નં. જી.જે. ૦૧ એચ.સી. ૩૫૭૧ ના રજીસ્ટર માલીક મનોજભાઈ જયંતીભાઈ પટેલ, રહે. હિમ્મતનગર નાઓનુ નીવેદન નોંધેલ. જે નીવેદન મુજબ તેઓએ તેમની સદર ગાડી પુજેસિંહ દેવુસિંહ જાડેજા, રહે. દહેગામડા, તા. ભિલોડા નાઓને વેચાણ આપેલ હોવાની હકીકત જણાવેલી. સદર ગાડી ને આર.સી. બુકની નકલ તેઓએ સદર ગાડીના મુળ માલીક પાસેથી તપાસના કામે મેળવેલ. જે આર.સી. બુક ની તેમને બતાવવામાં આવે છે. જે મે મેળવેલ તેજ છે. જેને રજુ દાખલ આંક:૫૭ આપવામાં છે. સદર ગાડી તા. ૧/૧૦/૨૦૨૦ ના રોજ આરોપી પુજેસિંહ દેવુસિંહ જાડેજા નાઓને વેચાણ આપેલ, જે અંગેનો વેચાણ ખત તથા રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર તૈયાર કરાવેલ ડીલીવરી નોંટ ની નકલ તેઓને મુળ માલીક નાઓએ આપેલ. જે બંન્ને દસ્તાવેજો તેમને બતાવવામાં આવે છે. જે તેઓને તપાસના કામે મેળવેલ તેજ છે. જેને અનુક્રમે રજુ દાખલ આં ક:૫૮ અને ૫૯ આપવામાં આવે છે. તપાસના કામે આ સીવાય તેઓએ બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. આરોપીને તેમને જોએલ ન હોય ઓળખી શકુ નહી.

જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,રેડ સમયે હાજર ન હતા. તેમજ પ્રોહી વોચમાં તેઓ હાજર ન હતા. તેમજ તપાસના કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો નોંધેલા

નહી.તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.જયારે અન્ય હકીકતનો ઈનકાર કરેલ છે.

વધુમાં ફરીયાદી પક્ષે આંક:૬૧ થી ત.ક.અ.દોલતસિંહ ભુરસિંહ,એ.એસ.આઈ.ને તપાસેલા છે . તેઓના પુરવા મુજબ તેઓ સને ૨૦૨૦ માં મોડાસા ટાઉન પો.સ્ટે. માં એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૭/૧૧/૨૦ ના રોજ પી.એસ.ઓ.શ્રી નારણભાઈ મેઘાભાઈ નાઓએ મોડાસા ટા.પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૧૧૪૪/૨૦ પ્રોહી એકટની કલમ ૬૫ એ ઈ, ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી.આગળની તપાસ સારૂ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. સદર ગુનાની તાપસ કામે તેઓએ લાગતાવળગતા પોલીસ સાહેદોના તેમના રૂબરૂના નિવેદનો મેળવેલ અને આગળની તપાસ પો.ઈ. શ્રી.સી.પી.વાઘેલા નાઓને સોંપતા તેઓએ સંભાળેલ. આ સિવાય તેઓએ બીજી કોઈ તપાસ કરેલ નથી.આરોપીને તેઓ જોયેથી હોય ઓળખી શકુ.જે આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી

જયારે બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,રેડ સમયે હાજર ન હતા. તેમજ તપાસના કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો નોંધેલા નહી.તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.જયારે અન્ય હકીકતનો ઈનકાર કરેલ છે.

આમ, ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલાં , એ હકીકત ધ્યાને લેવી જરુરી બને છે કે, આવા પ્રકારના ગુનામાં ફરીયાદ પક્ષે કઈ કઈ હકીકતો પુરવાર કરવી પડે ? તે સં દર્ભે ૧૯૯૨(૨)જી.એલ.એચ.(યુ.જે.)૧૧ ઉપર પ્રસિધ્ધ થયેલો ગુલાબભાઈ રણછોડભાઈ વિરુધ્ધ ગુજરાત રાજય નો ન્યાય નિર્ણય વંચાણે લેતાં તે મુજબ ફરીયાદ પક્ષે નીચે મુજબના તત્વો સાબિત કરવા પડે.

૧. આરોપીના પોતાના કબજાની ગાડી મીત્સુબીસી કંપનીની V6VTEC મોડલની ગાડી નંબર નં. જી.જે.૦૧.એચ.સી.૩૫૭૧ ગાડીમાંથી શીલબંધ બોટલો મળી આવેલ.૨.આવી શીલબંધ બોટલો ઉપર કંપનીનું અસલ લેબલ હતું .૩.આવું લેબલ જાણીતી દારુની બ્રાન્ડનું જેમ કે, વ્હીસ્કી બ્રાન્ડીનું દર્શાવતું હોવું જોઈએ.૪.આવા લેબલ ઉપર ઉત્પાદકનું નામ દર્શાવેલ હોવું જોઈએ.

આમ, ઉપરોકત પરીપેક્ષમાં આ કેસના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષના કેસ મુજબ તથા ફરીયાદીએ પોતાની જુબાનીમાં જે કંપનીની બોટલ હોવાનું જણાવવામાં આવેલ છે તે કંપની પાસે સદર બોટલોના શીલ અસલ હોવા બાબતે કોઈ વેરીફીકેશન કરાવવામાં આવેલ છે તેવું ફરીયાદી જણાવતા નથી. તદઉપરાંત તે અંગેનું કંપનીના અધિકારીનું નિવેદન લેવામાં આવેલ નથી.વળી, આ કામે જે બોટલ મુદ્દામાલ તરીકે કબજે લેવામાં આવેલી છે તેમાં ભરેલુ પ્રવાહી વિદેશી દારુ જ હતો કે કેમ? તે સંદર્ભે એફ.એસ.એલ.નો કોઈ પૃથ્થકરણ અહેવાલ પણ આ કામે રજુ થયેલો નથી. વધુમાં, આ કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ પંચોની હાજરીમાં મુદ્દામાલ કબજે લેવામાં આવેલો છે તેવી હકીકત જણાવેલી છે. જે સંદર્ભે જોઈએતો ફરીયાદ પક્ષ તર્ફે આંક–૨૨ થી પંચ સાહેદ રમેશભાઈ જીવાભાઈ ખાંટને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.જેઓએ તેમની સરતપાસમાં આજથી બે વર્ષ અગાઉ મોડાસા ટા.પોલીસે તેમને ચાર રસ્તા ઉપર બોલાવી તેમને એક પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમાં સહી કરેલી.પરંતુ સહી કઈ બાબતની હતી તે તેઓ જાણતા નથી તેમ જણાવી ફકત આંક– ૨૩ ના પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે.તેજ રીતે આંક:૨૬ થી પંચ સાહેદ ભગવાનભાઈ મહાદેવભાઈ રબારીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.જેઓએ તેમની સરતપાસમાં સને ૨૦૨૧ ના વર્ષમાં પોલીસે તેમને ટીંટોઈ બજારમાં ઉભા રાખી એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં સહી કરી આપેલ.પરંતુ સહી કઈ બાબતની હતી તે તેઓ જાણતા નથી તેમ

જણાવી ફકત આંક– ૨૩ ના પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે.આમ, આ પંચ સાહેદોએ પંચનામાની કાર્યવાહીને સમર્થન કરતી કોઈજ હકીકત જણાવેલી નથી. પંચનામાની કાર્યવાહી તેમની હાજરીમાં કરવામાં આવેલી હોવાની હકીકતને તેઓએ સમર્થન કરેલુ નથી. તેઓ ફકત આંક–૨૩ ના પંચનામામાં તેમની સહીઓ હોવાનુ જણાવે છે તેનાથી વિશેષ કોઈ હકીકત જણાવેલી નથી. આ પંચ સાહેદને વિ.એ.પી.પી. શ્રીએ સદર પંચ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, ઉલટ તપાસ લીધેલ છે જેમાં પણ તેઓએ પંચનામાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે. આ પંચ સાહેદો એ બચાવ પક્ષની ઉલટ તપાસમાં પણ તેઓએ સહી કરેલી તે સિવાય તેઓ બીજું કંઈ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે. આમ, પંચ સાહેદોએ પંચનામાની કાર્યવાહીને લેશ માત્ર સમર્થન કરેલુ નથીં. આમ, સદરહુ પંચ સાહેદો પંચનામાની કાર્યવાહી ને લેશમાત્ર સમર્થન કરતા ન હોઈ આ સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવાથી આંક–૨૩ થી રજુ મુ.મા. રીકવર કર્યાના પંચનામાની હકીકત પુરવાર થતી નથી આમ, ફરીયાદી તથા ત.ક.અમલદારોના પુરાવા મુજબ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે આરોપીઓ મુદ્દામાલ વિદેશી દારૂ સાથે મળી આવેલા તેવી હકીકત આ પંચ સાહેદના પુરાવાથી પુરવાર થતી નથી. આ કામે પંચનામુ પુરવાર કરવુ તે અતિમહત્વનુ છે.

પરંતુ પંચનામુ સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલા છે.આ કામે સ્વતંત્ર સાહેદના પુરાવાનો અભાવ છે. આ કામે માત્ર ચાર પોલીસ સાહેદો કે જેઓ આ કામના ફરીયાદી અને ત.ક.અમલદારો છે તેમના પુરાવા આધારે આરોપીઓ સામેનો ગુનો પુરવાર માનવો ન્યાયોચિત જણાતુ નથી. આ કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ પ્રથમ પંચનામુ કરવામાં આવેલુ અને તે બાદ ફરીયાદ આપવામાં આવેલી છે અને ફરીયાદમાં પંચોને બોલાવી બનાવવાળા સ્થળે નાકાબંધીમાં હોવાનુ જણાવેલુ છે પરંતુ

ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી તેમજ સાહેદોએ પણ પોતાના પુરાવામાં પંચોના નામ જણાવેલા નથી. આ કામે ફરીયાદી તથા ત.ક.અમલદારો પોલીસ સાહેદો છે. આ સંજોગોમાં તપાસ પણ શંકા પ્રેરિત રહે છે.

આમ, સમગ્ર રીતે જોતાં ઉપર ચર્ચા કર્યા પ્રમાણે ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો પ્રસ્તુત કેસ વાજબી શંકાથી પર સાબિત કરી શકેલ ન હોઈ, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૫૫ અન્વયે આ કામના આરોપી– પુજેસિંહ ઉર્ફે કાણીયો દેવુસિંહ જાડેજા નાઓને ધી ગુજરાત પ્રોહી એકટ કલમ–૬૫એઈ,૧૧૬–બી,૯૮(૨),૮૧ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ પાવતી નં. ૧૭૨/૨૦ થી કબજે લીધેલ મુદ્દામાલ વાહન પોતાના કબજાની ગાડી મીત્સુબીસી કંપનીની V6VTEC મોડલની ગાડી નંબર નં. જી.જે.૦૧.એચ.સી.૩૫૭૧ તથા મોબાઈલ અંગે અપીલ સમય વિત્યેથી તેના મુળ માલીકની ખરાઈ કરી, તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીઓએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા. ૦૧ લી, માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૮/૨૬ (સુરભી શર્મા)
મુ.મોડાસા અધિક જ્યુડી.મેજી.ફ.ક.
મોડાસા.
એ.એન.પી.. કોડનં.જી.જે.૦૧૫૭૧